આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૫ | ૨૬ નવેમ્બર, ૨૦૧૩, મંગળવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


તમારા સમ, મને છે એટલી શ્રદ્ધા તમારા પર, તમે જો શાપ પણ દેશો તો એ વરદાન થઇ જશે
- એસ. ભટ્ટાચાર્ય

# ગાંધીનગરમાં "કોરોના"નો શંકાસ્પદ દર્દી

## સ્વાઈન ફ્લુ જેવા જ લક્ષણો પણ આ વાયરલ ધરાવતો હોવાનું મનાય છે : પશ્ચિમના રાષ્ટ્રોમાં આ રોગે દેખા દીધી છે : આરોગ્ય તંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૨૫

વારંવાર શહેરના હવામાનમાં થતા બદલાવને પગલે આજે શહેરમાંથી "કોરોના"નો એક શંકાસ્પદ કેસ મળી આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સ્વાઈન ફ્લુ જેવો જ આ નવો વાયરલ છે અને તે ખાસ કરીને પશ્ચિમના દેશોમાં દેખાયો છે તેમ તબીબોનું કહેવું છે.

મળતી વિગતો મુજબ આ દર્દી દુબઈથી તાજેતરમાં ગાંધીનગર આવ્યો છે. હાલ તો સિવિલ હોસ્પિટલમાં તે સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓએ આ દર્દીના નમૂના મેળવી અને તેના પરીક્ષણ માટે અમદાવાદ મોકલ્યા છે. તેનો રિપોર્ટ આવ્યા બાદ સારવાર વધુ સઘન બનાવવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં સતત હવામાનમાં બદલાવ થતો જોવા મળ્યો છે. સતત બદલાતા જતા હવામાનને પગલે આરોગ્ય તંત્ર પણ એલર્ટ મોડ પર છે. જો કે રાત્રે પડી રહેલી ઠંડીને ધ્યાને લેતાં સ્વાઈન-ફ્લુ સામે જન જાગૃતિ અભિયાન છેડવાની વ્યુહરચના તંત્રએ તૈયાર કરી દીધી છે.

મળતી વિગતો મુજબ શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન સ્વચ્છતા ઝુંબેશનો એક દિવસ ફાળવવામાં આવ્યો છે જેમાં હાથ ધોવાની પદ્ધતિની ખાસ બાળકોને સમજ આપવામાં આવનાર છે. ઉપરાંત ઘર અને આસપાસમાં પણ સ્વચ્છતા જાળવવાના ખાસ સંદેશ મળે તેવા સ્ટીકર પણ બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

"કોરોના" વાયરલ એ પણ સ્વાઈન-ફ્લુ જેવો જ અને લગભગ તેના જેવા જ લક્ષણો ધરાવતા હોવાનું તબીબોનું માનવું છે. આ દર્દીને પણ શરદી, તાવ અને ખાંસી જેવા ચિહ્નો જણાયા છે. જો કે આ દર્દીના નમુનાના પરીક્ષણ અહેવાલ પછી જ શું છે તે સ્પષ્ટ થશે.

જો કે હાલ તો તંત્રના અધિકારીઓ આ મુદ્દે કંઈ પણ કહેવાના મૂડમાં જણાતા નથી અને ચુપકીદી સાધી લીધી છે.

શહેરમાં જે રીતે હવામાનમાં સતત બદલાવ થઈ રહ્યો છે તે જોતાં આ વખતે વાયરલ રોગોનું પ્રમાણ વધુ જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવિલમાં પણ છેલ્લા ઘણા સમયથી વાઈરલ બિમારી ધરાવતા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

આ વખતે મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાયો છે જ્યારે ડેન્ગ્યુના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. ચિકનગુનિયાના લક્ષણો ધરાવતા દર્દીઓ મળ્યા છે પણ તેમના લોહીના નમૂનાઓની ચકાસણીમાં તે નેગેટીવ જણાયો છે તે પણ એક વાઈરલ હોવાનું મનાઈ રહ્યું છે.

## ગાંધીનગરના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનો સેપ્ટના ૪૦ વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં દૈનિક ૭૦ થી ૮૦ ટન જેટલો ઘનકચરો પેદા થાય છે અને તેના નિકાલ માટે મહાનગરપાલિકા ટાંચા સાધનો વચ્ચે પણ સુપેરે પાર પાડી રહ્યું છે.

શહેરમાં સફાઈ-વ્યવસ્થાપન અંગેનો ડીપીઆર તૈયાર કરી દેવામાં આવ્યો છે અને હવે આ દિશામાં અસરકારક કામગીરી માટેના પગલાંઓ શરુ કરવામાં આવ્યા છે. સફાઈ કામદારો અને તકનીકી સાધનો તેમજ તકનીકી ઉપકરણોની મદદથી આગામી દિવસોમાં આ સફાઈ અભિયાન વધુ સઘન બનશે.

આવી હકીકતો સાથેની વિગતો આજે મનપા સત્તાવાળાઓએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અભ્યાસ માટે આજે જાણીતી શૈક્ષણિક સંસ્થા સેપ્ટના ૪૦ વિદ્યાર્થીઓ વહેલી સવારથી ગાંધીનગર આવ્યા હતા તેમને આપી હતી.

આ વિદ્યાર્થીઓએ આજે સે-૭, ૮ અને રોડ નં.૩ પર ચાલતી સફાઈની કામગીરીને નિહાળીને થઈ રહેલી નિકાલની વ્યવસ્થા જાણી હતી. ગાંધીનગર મહાનગર પાલિકામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટને અર્બન મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટના ૪૦ વિદ્યાર્થીઓએ આજે અભ્યાસ કર્યો હતો.

આ વિદ્યાર્થીઓને તંત્ર એ ખાસ પ્રેઝન્ટેશન બતાવ્યું હતું. જેમાં ઉપરોકત વિગતો હતી તો બીજી તરફ ફિલ્ડ વિઝીટમાં માર્ગ સફાઈ ઉપરાંત સેકટરોની સફાઈ વિશેની વિગતો આ વિદ્યાર્થીઓએ મેળવી હતી. વિદ્યાર્થીઓએ કમિશનરશ્રીને પણ મળી કેટલીક જાણકારી મેળવી હતી.



ઉત્તરાયણના આગમનના એંધાણ - ભલે હજુ દોઢ મહિનો બાકી હોય પરંતુ ઉત્તરાયણની મજા માણવા શ્રમિક બાળકો તો દિવાળી બાદ તુર્તજ તત્પર બને છે... નગરના પાદરે વસેલા શ્રમિકોની વસાહતમાં બાળકો આજકાલ પતંગ ઉડાડવાની મજા માણે છે... અને ઉત્તરાયણ પર પતંગો લૂંટવાની મજા માણે છે...

(તસવીર : દિપક જાની)

## જાસુસી કાંડની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા બે સભ્યોના તપાસપંચની રચના

### પૂર્વ ગૃહસચિવ કે.સી. કપૂર અને જસ્ટીસ શોભનાબેન ભટ્ટનું તપાસપંચ રચાયું : ત્રણ માસમાં અહેવાલ સોંપાશે

ગાંધીનગર, તા. ૨૫

દેશભરમાં ચર્ચાસ્પદ બનેલ મહિલા જાસૂસી કાંડની તપાસ માટે આજે રાજ્ય સરકારે બે સભ્યોના ખાસ પંચની રચનાની જાહેરાત કરી છે.

આજે મોડી સાંજે રાજ્ય સરકારે આ તપાસ પંચની રચના કરી છે. પૂર્વ ગૃહસચિવ કે.સી. કપૂર અને જસ્ટીસ સુજ્ઞાબેન ભટ્ટનું તપાસ પંચ આ મુદ્દે તપાસ કરશે. તપાસ પંચ ૩ જ માસમાં તપાસ કરી પોતાનો અહેવાલ રાજ્ય સરકારને આપશે.

મહિલા જાસૂસી કાંડ અંગે એક વેબસાઈટે સીડી જારી કર્યા બાદ રાજકીય માહોલ ગરમાયો હતો. આ સીડી પોલીસ અધિકારી શ્રી સિંઘલે સીબીઆઈને આપી હતી તેવો દાવો કરાયો છે.

આ સીડીને લઈ છેલ્લા થોડાક સમયથી ભારે વિવાદ ઉભો થયો હતો. રાજ્ય સરકારે આજે એકાએક જ ખાસ પંચ રચવાની જાહેરાત કરી છે. આ જાસૂસીકાંડમાં પૂર્વ ગૃહમંત્રી શ્રી અમીત શાહ સામે આંગળી ચીંધવામાં આવી છે.



ચિલોડા મોટા ખાતે દેશી ગાયે બે વાછરડીને જન્મ આપ્યો - કુદરતી કરિશ્મા-કુદરતની અદભૂત કળા ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા ચિલોડા ગામે પરપ્રાંતિય માલધારીઓ પોતાનું પશુધન લઈને વગડે વગડે ઘાસચારા માટે ભટકતું અને રખડતું જીવન ગુજારતા હોય છે. અહીં તહીં ઘુમતા મહામુલા પશુધનમાં ગાયો તથા ઘેટા બકરાંના ચરાણ અર્થે ખેતરે ખેતરે કપાસ તથા શાકભાજીના પાકો હવે અંતિમ તબક્કામાં હોવાથી ખેડૂતો ઘઉંના વાવેતર માટે ખેતરો સાફ સુફી કરી રહ્યા છે તેવા સંજોગોમાં હાલમાં ખેતરોમાં લાલ પાઘડીવાળા માલધારીઓના પડાવ ઠેર ઠેર નજરે પડે છે. જેમાં એક ખેતરમાં પડાવ નાંખી પડેલા માલધારીના પશુધનમાંથી સફેદ દેશી ગાયે બે સુંદર વાછરડીઓને જન્મ આપ્યો હતો. આ નજર લાગે તેવા રમણીય વાછરડીઓને જોવા લોકો દોડી આવ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ)

## હવે ડે. મેયર અને સ્ટેન્ડીંગના ચેરમેનને પણ વિકાસ માટે વિશેષ ગ્રાન્ટ અપાશે

### આજે મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રજુ થનારી મહત્વની દરખાસ્ત : ચાલુ વર્ષે મેયરની ગ્રાન્ટમાં કાપ મુકી આ બન્ને નેતાઓને હવાલે મુકાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને પણ વિકાસ કામો માટે ખાસ ફંડ ફાળવવામાં આવશે તે અંગેનો મહત્વનો નિર્ણય આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં કરવા ઉપરાંત ચાલુ વર્ષ માટે મેયર ફંડમાંથી આ બન્ને અધિકારીઓને રૂ. ૨૫-૨૫ લાખ ફાળવવાનો પણ નિર્ણય કરાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને વિકાસ માટે ખાસ ગ્રાન્ટ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ધોરણે ફાળવવી તેવો નિર્ણય લેવામાં આવશે. આ માટે અમદાવાદ મહાનગરપાલિકાની જોગવાઈઓ વિશેની વિગતો પણ એકત્ર કરી અધિકારીઓએ દરખાસ્ત તૈયાર કરી છે જે આજે સ્ટેન્ડીંગ કમિટીની મળનારી બેઠકમાં રજુ થશે.

સ્ટેન્ડીંગ કમિટીની ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનારી આજની બેઠકમાં જે દરખાસ્ત તૈયાર કરાઈ છે તેમાં ચાલુ વર્ષ માટે ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન માટે રૂ. ૨૫-૨૫ લાખની જોગવાઈ મેયર ફંડમાંથી કરવા માટેની બાબતનો પણ સમાવેશ કરાયો છે.

મેયર માટે રૂ. બે કરોડના ફંડની જોગવાઈ વિકાસ કામો માટે કરવામાં આવેલી છે. જો કે મળતી વિગતો પ્રમાણે સામાન્ય સભાએ આટલી મોટી ગ્રાન્ટની રકમ મેયરને આપવા સામે સામાન્ય સભામાં વિરોધ દર્શાવ્યો હતો. હવે મેયરશ્રી પણ પુરેપુરી ગ્રાન્ટ વાપરી નહિ શક્યા હોવાનું ચિત્ર બહાર ના આવે તે માટે સ્ટેન્ડીંગ અને ડે. ચેરમેનને ૨૫-૨૫ લાખ રૂ. ફાળવવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ પક્ષ હવે મેયરની ગ્રાન્ટમાં કાપ મુકવાનો વિરોધ કરશે તેમ મનાઈ રહ્યું છે. અને સુધારેલુ બજેટ કમિશ્નર રજુ કરે ત્યારે આ જોગવાઈ કરે તેવી માંગણી કરશે તેમ મનાઈ રહ્યું છે.

આજની સ્ટેન્ડીંગ કમિટીમાં શહેરના સીમાડે આવેલ મુક્તિધામના સંચાલનની મુદત વધારવા માટેની પણ દરખાસ્ત પણ છે.

● અનુસંધાન પાન-૭ પર

## સી.એમ.ના રૂટ બંદોબસ્તમાં ગેરહાજર બે પોલીસ કર્મીઓને રૂ. ૫-૫ હજારનો દંડ

### જિલ્લા પોલીસ વડાએ ઓચિંતુ ચેકીંગ હાથ ધરી ગેરહાજર પોલીસ કર્મીઓને દંડ ફટકાર્યો : હવેથી ગેરહાજર રહેનારને પણ રૂ. ૫ થી ૧૩ હજારનો દંડ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

પી.એમ. પદના ઉમેદવાર અને રાજ્યના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા સઘન બનાવવા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ જરૂરી રૂટમાં સલામતીને સ્પર્શતા પરિબળો અંગે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવા વિવિધ ટીમો કામે લગાડવામાં આવી છે. ત્યારે મંત્રી નિવાસથી લઈ એરપોર્ટ સુધીના રૂટ બંદોબસ્તમાં શનિવારે ગાંધીનગર જિલ્લાના પોલીસ વડાએ ઓચિંતુ ચેકીંગ હાથ ધરી રૂટ બંદોબસ્તમાં ફરજ દરમિયાન ગેરહાજર રહેનાર બે પોલીસ કર્મીઓને રૂ. ૫-૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તેવી સૂત્રો પાસેથી માહિતી મળી હતી. જ્યારે આગામી સમયમાં સી.એમ.ના રૂટ બંદોબસ્તમાં હાજર ન રહેનાર પોલીસ કર્મીઓ પાસે થી રૂ. ૫ થી ૧૩ હજાર સુધીનો દંડ વસુલવામાં આવશે. જેથી પોલીસ કર્મીઓમાં આ ચર્ચાએ જોર પકડ્યું છે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.












પંચમહાલ જિલ્લામાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં વેકેશનના છેલ્લા રવિવારે યાત્રાળુઓનો ભારે ધસારો રહેવા પામ્યો હતો. પાવાગઢ ડુંગરની તળેટીથી માંડી મહાકાળી માતાજીના સ્થાનક સુધી યાત્રાળુઓની ભારે ટ્રાફીક જોવા મળી હતી. યાત્રાળુઓના ભારે ધસારાના કારણે પાવાગઢ ડુંગરની ટોચ ચડવા માટે ભારે પરિશ્રમ કરવો પડ્યો હતો. પાવાગઢમાં બિરાજમાન મૈયા મહાકાળીજીનું સ્થાનક આસ્થાનું પ્રતિક મનાય છે. જ્યાં બારેમાસ યાત્રાળુઓનાં ઘોડાપૂર ઉમટતા રહે છે. પરંતુ દિવાળીના વેકેશનનો છેલ્લો રવિવાર તેમજ સોમવારે વેકેશનપૂર્ણ થતું હોવાથી યાત્રાળુઓની સંખ્યા એકદમ વધી ગઇ હતી. જેના કારણે પાવાગઢ ડુંગરની તળેટીથી લઇ ટોચ સુધી ભારે ગીર્દી જોવા મળી હતી.

(તસવીર : કાંતિલાલ લોધા)


